ક્રમાંકઃઉક/સોલ્ટ/સ્ટાર્ટઅપ/૧૪૭/૧૩૮૩૬૨
ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી,
ઉદ્યોગભવન, બ્લોક નં.૧,
ઘ-૪, સેકટર-૧૧, ગાંધીનગર
તા૭/૧૨/૨૦૧૭

પ્રતિશ્રી,
તમામ માન્ય નોડલ સંસ્થા,

વિષય: IT/ITes ક્ષેત્રના સ્ટાર્ટપ્સને DST ની "Electronics & IT/ITes Start-up Policy" માં સહાય મેળવવા direct ભલામણ કરવા બાબત.

શ્રીમાન,

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલીસી-૨૦૧૫ "Scheme for Assistance for Startups/Innovation" યોજના અંગે તા.૨૭/૦૧/૨૦૧૫ ના રોજથી G.R. થયેલ છે. આ યોજના તા.૦૧/૦૧/૨૦૧૫ થી ૫ વર્ષ માટે અમલમાં છે. ત્યારબાદ તા: ૦૬/૦૬/૨૦૧૬થી Department of Science & Technology દ્વારા "Electronics & IT/ITes Start-up Policy" પણ જાહેર કરવામાં આવેલ છે.

આ બંને યોજનાઓનો મૂળ ઉદ્દેશ રાજ્યના ઇનોવેશન પ્રેરિત સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવાનો છે. ઉદ્યોગ કમિશ્નરશ્રીની યોજનામાં તમામ ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સ પાત્રતા ધરાવે છે, જ્યારે Department of Science & Technologyની યોજનામાં IT/ITes અને Electronics ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સ જ પાત્ર બને છે, જેથી તે યોજનાનાં સહાયનાં તત્વો IT ક્ષેત્રને અનુરૂપ છે.

આમ, હવે IT/ITes ક્ષેત્ર માટે અલગથી યોજના ઉપલબ્ધ હોઇ, IT/ITes ક્ષેત્રનાં સ્ટાર્ટઅપ્સ માટે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલીસી-૨૦૧૫ હેઠળની "Scheme for Assistance for Startups/Innovation" યોજના અંતર્ગત સહાય માટે દરખાસ્ત ન કરતાં Department of Science & Technologyની યોજના Electronics & IT/ITes Startup Policyમાં કરવાની રહેશે. તેવો નિર્ણય ઉચ્ચ કક્ષાએ લેવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલીસી-૨૦૧૫ હેઠળની "Scheme for Assistance for Startups/Innovation" યોજના અંતર્ગત માન્ય થયેલ તમામ નોડલ સંસ્થાઓએ હવેથી તમામ IT/ITes ક્ષેત્રને લગત સ્ટાર્ટઅપ્સને Department of Science & Technologyની યોજના Electronics & IT/ITes Startup Policyમાં સહાય મેળવવા માટે ભલામણ કરવાની રહેશે, અને માત્ર મેન્યુફેક્ચરિંગ/પ્રોડક્ટ આધારીત સ્ટાર્ટઅપ્સને જ ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલીસી-૨૦૧૫ હેઠળની "Scheme for Assistance for Startups/Innovation" યોજનામાં ભલામણ કરવાની રહેશે.. જેની જાણ થવા વિનંતી છે.

(માન. ઉ. ક. શ્રીની મંજુરીથી)

આપનો વિશ્વાસુ,

સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી(સો/ટે)

નકલ રવના:
૧ અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી (વિસ્તરણ), બ્લોક નં.૧, બીજો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર

Scanned by CamScanner